# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-12-2024** **Day: Friday** **Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## સંસદના બન્ને ગૃહોની કાર્યવાહી સ્થગિત

ગૃહમંત્રી અમિત શાહે ડૉ. બી.આર. આંબેડકર પર કરેલી ટિપ્પણીને કારણે ગઇકાલે સંસદના બંને ગૃહોની કાર્યવાહી સ્થગિત કરવામાં આવી હતી. વહેલી સવારે સ્થગિત કર્યા બાદ લોકસભાની કાર્યવાહી બપોરે 2 વાગ્યે ફરી શરૂ થઈ ત્યારે કોંગ્રેસ, ડીએમકે, સમાજવાદી પાર્ટી અને અન્ય વિપક્ષી સાંસદો ગૃહની મધ્યમાં એકઠા થયા હતા. હોબાળા વચ્ચે સભાપતિએ ગૃહની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરી દીધી હતી.

તો રાજ્યસભામાં પણ બપોરે 2 વાગ્યે સભા સ્થગિત કર્યા પછી ગૃહની કાર્યવાહી શરૂ થઈ ત્યારે સંસદ ભવન સંકુલમાં વિરોધ દરમિયાન ભાજપના બે સાંસદો ઘાયલ થયા હોવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. ભાજપના સાંસદ ફેગનન કોન્યાકે આરોપ લગાવ્યો કે સંસદની બહાર વિરોધ પ્રદર્શન દરમિયાન લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ તેમની સાથે ગેરવર્તન કર્યું.

ડીએમકેના તિરુચિ સિવાએ રાહુલ ગાંધીએ ભાજપના સાંસદોને ધક્કો માર્યાના આરોપોને નકારી કાઢ્યા હતા. તેમણે કહ્યું કે શાસક પક્ષ જે કંઈ પણ કહી રહ્યો છે તે સિક્કાની એક બાજુ છે.

------------------------------------------------------------------------

## વિરોધ પ્રદર્શનની પોલીસમાં ફરિયાદ

ભારતીય જનતા પાર્ટીએ ગઇકાલે સંસદ ભવનમાં વિરોધ પ્રદર્શન દરમિયાન પક્ષના બે સાંસદોને મારપીટ અને ઉશ્કેરણીને કારણે થયેલી ઈજાઓ અંગે કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ દિલ્હી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ભાજપના વરિષ્ઠ નેતા અનુરાગ ઠાકુરે કહ્યું કે સંસદ માર્ગ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી તેમની ફરિયાદમાં તેમણે સંસદની બહાર બનેલી ઘટનાનો વિગતવાર ઉલ્લેખ કર્યો છે. બીજી તરફ કોંગ્રેસના સાંસદોનું એક પ્રતિનિધિમંડળ પણ પોલીસ મથકે પહોંચ્યું હતું અને વળતી ફરિયાદ નોંધાવી હતી

---------------------------------------------------------------------------------

## જગદીપ ધનખડ વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ

રાજ્યસભાના ઉપસભાપતિ હરિવંશે અધ્યક્ષ જગદીપ ધનખડ વિરુદ્ધ લાવવામાં આવેલ અવિશ્વાસ પ્રસ્તાવને ફગાવી દીધો છે. વિરોધ પક્ષોએ અધ્યક્ષ વિરુદ્ધ પક્ષપાતી રીતે કામ કરવાનો આરોપ લગાવીને અવિશ્વાસની દરખાસ્ત દાખલ કરી હતી. ઉપાધ્યક્ષે તેને અયોગ્ય, ગંભીર રીતે ખામીયુક્ત અને અધ્યક્ષ જગદીપ ધનખડની પ્રતિષ્ઠાને કલંકિત કરવાનો પ્રયાસ કરવા માટે ઉતાવળમાં રજૂ કરેલ ઠરાવ તરીકે વર્ણવ્યું હતું.

---------------------------------------------------------------------------------

## કૃષિમંત્રી : કૃષિ રાહત પેકેજ

રાજ્યમાં જુલાઈથી સપ્ટેમ્બર મહિનામાં વરસાદના કારણે અસરગ્રસ્ત થયેલા ખેડૂતોને એક હજાર 732 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. રાજ્યના કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે, 'બે રાહત પેકેજને મળી રાજ્યના 7 લાખ 15 હજારથી વધુ અસરગ્રસ્ત ખેડૂતોને એક હજાર 732 કરોડ રૂપિયાથી વધુની સહાય સીધા તેમના બૅન્ક ખાતામાં જમા કરાવવામાં આવી છે.'

શ્રી પટેલે ઉમેર્યું, 'જુલાઈ મહિનામાં ભારે વરસાદના કારણે 20 અસરગ્રસ્ત જિલ્લાના ખેડૂતોને સહાય આપવા કૃષિ રાહત પેકેજ જાહેર કરાયું હતું.

**ઉલ્લેખનીય છે કે,** આમ, છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યના 38 લાખ 98 હજારથી વધુ ખેડૂતોને 6 હજાર 204 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવવામાં આવી હોવાનું પણ કૃષિમંત્રીએ ઉમેર્યું હતું.

---------------------------------------------------------------------------------------

## પોષણ ઉત્સવ-2024

વિકસિત ભારતના નિર્માણમાં સશસ્ત મહિલા અને સ્વસ્થ બાળકની મહત્વની ભૂમિકા હોવાનું રાજ્યનાં મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરિયાએ જણાવ્યું હતું. ગાંધીનગર ખાતેથી "પોષણ ઉત્સવ- 2024"નો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવતાં શ્રીમતી બાબરિયાએ કહ્યું કે, 'આ ઉત્સવ રાજ્યકક્ષા, ઝોનકક્ષા, તમામ જિલ્લા-મહાનગરપાલિકા કક્ષા, ઘટક અને સેજા એમ ચાર કક્ષાએ યોજાશે.

---------------------------------------------------------------------------------------

## ભુજ-મુન્દ્રા રસ્તાઓના રિસર્ફેસિંગની મંજૂરી

રાજ્ય સરકાર દ્વારા મહત્વની પરિયોજના સાથે સંકળાયેલા 142 કિલોમીટરના કુલ પાંચ જેટલા રસ્તાઓના રિસર્ફેસિંગ માટે 131 કરોડ રૂપિયાની મંજૂરી આપવામાં આવી છે. જેમાં 43.50 કિલોમીટરના ભુજ-મુન્દ્રા માટે 42 કરોડ 51 લાખ રૂપિયાની ફાળવણીને મંજૂરી આપવામાં આવી છે. ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ દ્વારા રાજ્યમાં હાથ ધરાઈ રહેલી મહત્વની પરિયોજના સાથે આ તમામ માર્ગ સંકળાયેલા છે.

---------------------------------------------------------------------------------------

## ICC દ્વારા ક્રિકેટનું આયોજન

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ- **ICC** આવતા વર્ષે પાકિસ્તાનમાં રમાનારી ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટના આયોજન અંગે સમજૂતી કરી છે. આ સમજૂતી મુજબ, આઠ ટીમોની આ

ટુર્નામેન્ટ માટે ભારતની મેચો પાકિસ્તાનને બદલે તટસ્થ દેશમાં યોજવામાં આવશે. ભારત **ICC** ટુર્નામેન્ટની યજમાની કરે છે ત્યારે પાકિસ્તાનની મેચો પણ ભારતની બહાર યોજાશે.

આ કરાર 2025માં પાકિસ્તાનમાં યોજાનારી ચેમ્પિયન્સ ટ્રોફી**,** 2025માં ભારતમાં મહિલા એકદિવસીય ક્રિકેટ વિશ્વ કપ અને 2026માં ભારત અને શ્રીલંકા દ્વારા સંયુક્ત રીતે યોજાનાર ટ્વેન્ટી20 ક્રિકેટ વિશ્વ કપ પર પણ લાગુ થશે.

---------------------------------------------------------------------------------------

## <u>હવામાન</u>

કચ્છમાં હાલ કેટલાક સ્થળે લઘુતમ તાપમાન સામાન્ય કરતાં 5 ડિગ્રી જેટલું નીચે રહેવાની સાથે ઠંડીનું મોજું ફરી વળશે તેમ જણાવતાં હવામાન વિભાગે યલો એલર્ટ જારી કર્યું છે. બીજી બાજુ નલિયામાં પારો ગગડીને 5.7 ડિગ્રી થતાં ઠારનું સામ્રાજ્ય જારી રહ્યું હતું. અરબ સાગર કિનારે આવેલા કોટેશ્વરમાં વાદળછાયા વાતાવરણ સાથે ઠંડી વધી હતી.

---------------------------------------------------------------------------------------